*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 63

## આસિયાન દેશોની વર્ચ્યુઅલ કોન્ફરન્સ




ચર્ચામાં શા માટે ?

કોન્ફરન્સ વિશે :

આસિયાન (ASEAN) વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-63**નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in  t.me/icerajkotofficial  9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં COVID-19નો ફેલાવો રોકવા માટે આસિયાન (ASEAN) દેશોની વર્ચ્યુઅલ (આભાસી) કોન્ફરન્સ યોજાઈ હતી.

## કોન્ફરન્સ વિશે :

- આસિયાન દેશોની આ વર્ચ્યુઅલ કોન્ફરન્સ વિયેતનામની અધ્યક્ષતામાં મળી હતી.
- આ કોન્ફરન્સમાં આસિયાન દેશો ઉપરાંત આસિયાનના ભાગીદાર દેશ ચીન, જાપાન અને દક્ષિણ કોરિયાએ પણ ભાગ લીધો હતો.
- વિયેતનામે કોન્ફરન્સમાં દક્ષિણ-પૂર્વ એશિયાના નેતાઓને COVID-19નો સામનો કરવા માટે એક ઈમરજન્સી ફંડની સ્થાપના કરવા વિનંતી કરી છે.
- આ ઈમરજન્સી ફંડનો ઉપયોગ દવા, મેડિકલ સાધનો, પરીક્ષણ વગેરેના ક્ષેત્રમાં કરવામાં આવશે જેથી COVID-19 જેવી મહામારીનો સામનો કરી શકે.
- વિયેતનામના જણાવ્યા મુજબ, આસિયાન દેશોના કુલ GDPમાં સેવા ક્ષેત્રનો હિસ્સો આશરે 30% છે.
- COVID-19ના કારણે લોકોના જીવન, તેમની સામાજિક-આર્થિક સ્થિતિ અને સામાજિક સુરક્ષાને અસર થઈ છે.
- COVID-19ના કારણે આસિયાન દેશોના પર્યટનક્ષેત્રો અને નિકાસ પર નિર્ભર અર્થવ્યવસ્થાને વધુ અસર થઈ છે.
- આ વર્ષે થાઈલેન્ડની અર્થવ્યવસ્થામાં 5.3%નો ઘટાડો થઈ શકે છે. જે છેલ્લા 22 વર્ષમાં સૌથી ભયાનક હશે. નોંધનીય છે કે થાઈલેન્ડ આસિયાન દેશોમાં બીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર છે.
- વિયેતનામમાં પ્રથમ વખત યોજાયેલ ફોર્મ્યુલા-1 રેસ (Formula-1 Race) COVID-19ના કારણે રદ કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આસિયાન (ASEAN) વિશે :-

- ASEANનું પૂરું નામ Association of Southeast Asian Nations છે.
- આસિયાન એ દક્ષિણ-પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- આસિયાનની સ્થાપના 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં થઈ હતી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.
- ઓક્ટોબર-નવેમ્બર-2019 દરમિયાન થાઈલેન્ડના બેંગકોક ખાતે 35મી આસિયાન સમિટનું આયોજન થયું હતું. આ સમિટ અંતર્ગત યોજાયેલી વિવિધ બેઠકોમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો હતો. (નોંધ : ભારત આસિયાનનું સભ્ય નથી)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT